આકાશવાણી ભુજ

સમાચાર વાચક : આરતી ભટ્ટ

કોમ્પ્યુટર રાઈઝ- શિવરામ ચૌધરી (પટેલ)

તારીખ:-18-10-2024 સમય:-સવારે 6.50 કલાકે

---

## ટ્રેન રિઝર્વેશન – સમય મર્યાદા

ટ્રેનમાં અગાઉથી થતા રિઝર્વેશન માટેની સમયમર્યાદા હાલનાં **120** દિવસથી ઘટાડીને **60** દિવસ કરવામાં આવી છે. રેલવે વિભાગના એક પરિપત્રમાં રેલવેએ જણાવ્યું છે કે, નવો નિયમ પેલી નવેમ્બરથી અમલી બનશે. જોકે, **31** ઓક્ટોબર સુધી કરવામાં આવેલાં તમામ બુકિંગ યથાવત રહેશે. મંત્રાલયે જણાવ્યું છે કે, વિદેશી પર્યટકો માટે **365** દિવસની મર્યાદામાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી.

**RNU** અમદાવાદ

---

## રાજ્ય – મોંઘવારી ભથ્થું

રાજ્ય સરકારનાં કર્મચારીઓએ તેમનાં મોંઘવારી ભથ્થામાં વધારો કરવાની માંગણી કરી છે. ગુજરાત રાજ્ય કર્મચારી મહામંડળે રાજ્યનાં નાણામંત્રી કનુભાઈ દેસાઈને પત્ર લખીને કેન્દ્ર સરકારના ધોરણે મોંઘવારી ભથ્થુ **50%**થી વધારી **53%** કરવાની રજૂઆત કરી છે.

**RNU** અમદાવાદ

---

## તહેવારો – એસટી બસ

દિવાળી સહિતના તહેવારોને ધ્યાનમાં રાખીને મુસાફરોની સુવિધા માટે **2200** એસટી બસ વધુ ચાલાવવામાં આવશે. **26** ઑક્ટોબરથી **30** ઑક્ટોબર સુધી આ વધારાની બસ રાજ્યના વિવિધ જિલ્લાઓમાં દોડવાશે.

**RNU** અમદાવાદ

---

## ઉખેડા – દિકરી ગૌરવોત્સવ

જિલ્લાના નખત્રાણાના ઉખેડા ગામમાં દીકરી ગૌરવોત્સવ કાર્યક્રમ યોજાયો. વિકાસ સપ્તાહ **2024** ની ઉજવણી અંતર્ગત બેટી બચાવો બેટી પઢાઓ યોજના અંતર્ગત શરૂઆત જિલ્લામાં પ્રથમ ઉખેડાથી કરાઇ છે. આ કાર્યક્રમ અંતર્ગત દીકરીઓનું પૂજન અને "ઘર કી પહેચાન બેટીઓ કે નામ" અભિયાન અંતર્ગત "દીકરી નેઈમ પ્લેટ" ડ્રાઈવ રાખવામાં આવી હતી. આ તકે ઉખેડા ગામની પ્રથમ એમ.બી.બી.એસ.ની ડિગ્રી પ્રાપ્ત કરનાર દીકરીનું ખાસ સન્માન પણ કરવામાં આવ્યું હતું.

**RNU** અમદાવાદ

---

## ધો. 3થી 8 પરીક્ષાઓ

જિલ્લામાં સરકારી પ્રાથમિક શાળાઓમાં **17**થી **26**મી ઓક્ટોબર સુધી ધોરણ **3**થી **8**ના વિદ્યાર્થીઓનો પરીક્ષાનો કાર્યક્રમ જાહેર થયો હતો. પરીક્ષાઓની ગઈકાલથી શરૂઆત થઈ હતી. પરીક્ષાલક્ષી કામગીરીમાં **8** હજાર **200** પ્રાથમિક શિક્ષકો જોડાયા છે. પરીક્ષા લક્ષી કામગીરીની દેખરેખ માટે સીઆરસી., બી.આરસી અને તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી સહિતનાઓએ મુલાકાત લીધી હતી.

**N.P/**આરતી ભટ્ટ

---

## પોલીસ નેત્રમ વિભાગની કામગીરી

પૂર્વ કચ્છ પોલીસના નેત્રમ વિભાગ દ્વારા અત્યાર સુધીમાં **750**થી વધુ ગુનાનો ભેદ ઉકેલાયો છે. રાજ્યમાં પૂર્વ કચ્છ પોલીસના નેત્રમ વિભાગનો પ્રથમ નંબર આવ્યો છે. ગાંધીધામમાં કાયદો, વ્યવસ્થા તેમજ નિયમો અને ટ્રાફિક વ્યવસ્થાનું ચુસ્તપણે પાલન થાય તે હેતુથી વિશ્વાસ પ્રોજેક્ટ હેઠળ સંકુલમાં જુદી જુદી જગ્યાએ સી.સી.ટી.વી. કેમેરા ગોઠવવામાં આવ્યા છે, જે કેમેરા મારફતે ટ્રાફિક નિયમોનો ભંગ કરવા બદલ આવા લોકોને ઇ-ચલણ આપવામાં આવે છે, તેમજ સીસીટીવી કેમેરા મારફતે ગુનાઓના શોધનની કામગીરી, ગુમ થયેલા લોકોની શોધનની કામગીરી પણ કરવામાં આવે છે.

**N.P/આરતી ભટ્ટ**

--------------------------------------------------------------------------------

## મેન્ટલ હેલ્થ – તાલીમ શિબિર

ઓમ ફાઉન્ડેશન અને ગુજરાત સ્ટેટ મેન્ટલ હેલ્થ પ્રોગ્રામ ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે લોકોનું માનસિક, શારીરિક અને આધ્યાત્મિક સ્વાસ્થ્ય જાળવવા માટે ઓમ મેડિટેશન વિશે નિઃશુલ્ક આધ્યાત્મિક તાલીમ શિબિરનું આયોજન આજરોજ તારીખ **18**ના સાંજે **5**થી **7** દરમિયાન કર્વામાં આવ્યું છે.

**N.P/આરતી ભટ્ટ**

--------------------------------------------------------------------------------

## એકલધામ - વાગડ

ભચાઉ તાલુકાના એકલધામ ખાતે વાગડ ઉત્સવનું આયોજન કરાયું હતું. પુર્વ કચ્છમાં પ્રવાશનને વેગ મળે. અને સ્થાનિક લોક સંસ્કૃતિ ઉજાગર થાય વાગડના પ્રવાસનની તકો ઉજળી બને તેવા હેતું સાથે આ ઉત્સવનું આયોજન કરાયું હતું. જેમાં મોટી સંખ્યામાં લોકો ઉમટી પડયા હતાં. એકલ માતા મંદિરના પરિસરમાં ભાતિગળ લોક સંસ્કૃતિની ઝાંખી કરાવતા વિવિધ જ્ઞાતિઓના લોક રાસ યોજાયા હતાં. કાર્યક્રમમાં આસપાસના ગ્રામ્ય વિસ્તારના લોકો મોટી સંખ્યામાં ઉમટી પડયા હતાં.

N.P/આરતી ભટ્ટ

-----------------------------------------------------------------------

## સ્વચ્છતા હી સેવા કામગીરી

સ્વસ્છતા હી સાવે અભિયાન અંતર્ગત જિલ્લામાં વિવિધ પ્રવૃતિ સાથે સફાઈની કામગીરી ચાલી રહી છે. ત્યારે ભુજ અને ગાંધીધામ તાલુકા પંચાયત કચેરી ખાતે જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી અને રાજ્ય ગ્રામ વિકાસ સંસ્થા દ્વારા સ્વચ્છ ભારત મિશન ગ્રામીણ યોજના અંતર્ગત સરપંચ અને તલાટી કમ મંત્રીઓને સ્વચ્છતાની તાલીમ અપાઈ હતી.

N.P/આરતી ભટ્ટ

-----------------------------------------------------------------------

## વન વિભાગ

વન વિભાગ દ્વારા ડોલ્ફીનની ગણતરી કરવામાં આવી, જેમાં ગુજરાતના 4 હજાર, 87 કિલોમીટરના દરિયાઈ વિસ્તારમાં અંદાજે 680 ડોલ્ફિનની સંખ્યા નોંધાઈ છે.

N.P/આરતી ભટ્ટ

-----------------------------------------------------------------------